જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦, ૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૪/૯/૨૦૧૫ શુક્રવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**શહેર પોલીસ ધ્વારા કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરીઃ-** **સમાચાર યાદી નં.૧૭૮૬/૧૫**

**લબર મુછીયા વાહનચોરને ચોરીના બે વાહનો સાથે પકડી પાડતી અમદાવાદ શહેર ક્રાઇમ બ્રાન્ચ,**

નાયબ પોલીસ કમિશનર શ્રી ક્રાઇમ બ્રાન્ચ, અમદાવાદ શહેર નાઓએ આપેલ માર્ગદર્શન હેઠળ મદદનીશ પોલીસ કમિશનર શ્રી ક્રાઇમ બ્રાન્ચ તથા મદદનીશ પોલીસ કમિશનર શ્રી સાયબર સેલ નાઓની સુચના મુજબ પો.સ.ઇ શ્રી રાજેશ સુવેરાની ટીમના સ્ક્વૉડના માણસો અમદાવાદ શહેરમાં બનતાં મિકલત સંબંધી ગુન્હાઓ શોધી કાઢવા સારૂ પેટ્રોલીંગમાં નિકળેલા દરમ્યાન સ્ટાફના હે.કોન્સ.પ્રતાપસિંહ સુખાજી તથા પો.કોન્સ જાવેદખાન યાસીનખાન નાઓને મળેલ ચોક્કસ બાતમી હકિકત આધારે આરોપી એઝાજ રઇશઅહેમદ શેખ ઉવ.૨૩ રહેવાસી ૪૨/૬, સાઇડ એન્ડ સર્વિસના છાપરા ગંજ શહીદ બાવાની દરગાહ સામે દાણીલીમડા અમદાવાદ શહેર ને એક ઓટોરીક્ષા તથા હિરોહોન્ડા સ્પલેન્ડર મોટર સાયકલ મળી કુલ્લે રૂ.૫૫૦૦૦/- સાથે પકડી પાડેલ છે.

પકડાયેલ આરોપીની સઘન પુછપરછ કરતાં સદરી ઇસમે આ રિક્ષા બે દિવસ પહેલાં મોડીરાતના કાંકરીયા રણછોડ રાય સોસાયટી ખાતે થી ચોરી કરેલ હોવાની તેમજ મોટર સાયકલ બે દિવસ પહેલાં મણીનગર વડનગર પાટીદાર સોસાયટીમાંથી ચોરેલ હોવાની કબુલાત કરેલ છે. આ આરોપીએ આ સિવાય બીજા કોઇ ગુન્હાઓ આચરેલ છે કે કેમ તેમજ આ ગુન્હાઓ કરવામાં અન્ય કોઇ આરોપીઓ સંડોવાયેલ છે કે કેમ તે બાબતે ઝીણવટ પૂર્વક તપાસ ચાલુ છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)